ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૩.૮ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૩ ટકા ● સાંજે ૩૫ ટકા

# શહેરના પાદરે ટ્રક-ટેન્કર ટકરાતા બંને ડ્રાઈવરના મોત

## વાવોલ-પુન્દ્રાસણ રોડ ઉપર રાત્રે સામ સામે ધડાકાભેર ટકરાયેલા ટ્રક-ટેન્કરનો ખુડદો બોલી ગયો : બંનેના ડ્રાઈવરો ફસાઈ જતાં ફાયરબ્રિગેડે મૃતદેહ બહાર કાઢયા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીક વાવોલ-પુન્દ્રાસણ રોડ ઉપર ગઈ કાલે રાત્રે ટ્રક અને ટેન્કર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. સામ સામે ટકરાયેલા ટ્રક-ટેન્કર બંને વાહનોના ડ્રાઈવર્સ કેબીનમાં જ ચગદાઈને મોતને ભેટી ગયા હતા. ખુડદો થઈ ગયેલા બંને વાહનોના કેબીનમાં ફસાઈ ગયેલા ડ્રાઈવરોના મૃતદેહ બહાર કાઢવા ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમ પહોંચી હતી. ઘટના અંગે પેથાપુર પોલિસે ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

મળતી મહિતી મુજબ ગઈ રાત્રે ખેડા જિલ્લાના વસઈ તાલુકાના એક ગામમાં રહેતા ૪૫ વર્ષીય ડ્રાઈવર અજીતસિંહ હરિસિંહ જાડેજા આઈશર ટ્રક નં. જીજે ૨૩ વાય ૪૮૬૭ લઈને કલોલના છત્રાલ વિસ્તારમાંથી ગાંધીનગર જીઆઈડીસી તરફ આવી રહ્યા હતા. પુન્દ્રાસણ ગામ પસાર કરીને પુન્દ્રાસણ-વાવોલ રોડ પર પહોંચ્યા ત્યારે સામેથી બેફામ ગતિએ માંતેલા સાંઢની માફક આવેલું કેમિકલ ભરેલું જીજે ૨ જેડ ૮૩૩૧ નંબરનું ટેન્કર સામેથી આવતા ટ્રકમાં ધડાકાભેર ધુસી ગયું હતું. ટેન્કર અને ટ્રક બંનેના ખુડદા બોલી ગયા અને બંને વાહનોના કેબીનમાં ડ્રાઈવરો જબરદસ્ત રીતે ફસાઈને સ્થળ પર જ મોતનો ભેટી ગયા હતા. ગાંધીનગર ફાયબ્રિગેડને કોલ મળતા ફાયર ઓફીસર મહેશ મોડ તેમની ટીમ સાથે પહોંચી ગયા હતા. બંને ટ્રકોની ડ્રાઈવર સીટ પર ડ્રાઈવરોના મૃતદેહ લટકતા હતા. ફસાઈ ગયેલા આ મૃતદેહને ફાયરબ્રિગેડની ટીમે બહાર કાઢી પોલિસને સોંપ્યા હતા. એક ટ્રક જીઈબીની હાઈપર ટેન્શન વિજ લાઈનને અડકેલો હોવાથી સ્પાર્ક થઈ રહ્યું હતું. જીઈબીની ટીમ બોલાવી આ વીજ લાઈન બંધ કરાવ્યા બાદ મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. આ ઘટનામાં આઈશર ટ્રકના ચાલક ૪૫ વર્ષીય અજીતસિંહ હરિસિંહ જાડેજા અને દાંતીવાડા રહેતા ટેન્કર ચાલક ૫૦ વર્ષીય ચંદુજી હરીજી ઠાકોર બંનેના મૃત્યુ નિપજયા હતા. મૃતક અજીતસિંહના પુત્ર મયુરસિંહની ફરિયાદ આધારે પથાપુર પોલિસે ટેન્કરના મૃતક ડ્રાઈવર ચંદુજી ઠાકોર સામે ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી કરી છે. બંનેના મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી મૃતકોના મૃતદેહ પરિવારજનોને સોંપવામાં આવ્યા છે.



## વાતવાતમાં

● ગાંધીનગરના ચ માર્ગ પર થોડાક દિવસ પૂર્વે એક અજાણ્યા કાર ચાલકે ઈવનીંગ વૉક લેવા નીકળેલા મેજીસ્ટ્રેટને ટકકર મારી હતી જેના કારણે તેઓ કોમામાં સરી જવા પામ્યા હતા અને કારચાલક ફરાર થઈ ગયો હતો. હવે મેજિસ્ટ્રેટ પણ કોમામાંથી બહાર આવી ગયા છે અને તેમની તબિયત સુધારા પર હોવા સાથે બીજી તરફ ટકકર મારીને ભાગી જનાર કારચાલક આરોપીને પણ પોલિસે ઝડપી લીધો છે.

## રેશનલ સમાજની ૧૩મીએ માસિક બેઠક

ગાંધીનગર, તા.૧૧

રેશનલ સમાજ ગાંધીનગરની માસિક બેઠક તા. ૧૩-૫-૧૭ને શનિવારે સાંજે ૫.૩૦ કલાકે બ્લોક નં. ૬૧/૧-ઘ ટાઈપ સે-૨૩ ખાતે યોજાશે.

આ માસિક બેઠકમાં જાણીતા વાર્તાકાર અને રેશનાલિસ્ટ કલ્પેશ પટેલ 'ચાર્વાકનું રેશનલ તત્વજ્ઞાન' વિષય પર વાર્તાલાપ કરશે. આ બેઠકમાં સર્વે સભાસદ મિત્રોને સમયસર ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ સમાજના મંત્રી પંકજ પટેલે પાઠવેલ છે.

## આર્ટ ઓફ લીવીંગ દ્વારા સાધના, સેવા, સત્સંગ તથા અન્ય કાર્યક્રમોનું આયોજન

ગાંધીનગર, તા.૧૧

આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર દ્વારા તા. ૧૩-૫-૨૦૧૭ના રોજ પરમ પૂજય ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીના જન્મદિન નિમિત્તે સવારે ૬ થી ૮ ફકત અગાઉ કોર્ષ કરેલ સાધકો માટે સાધના અને જાહેર જનતા માટે સાંજે ૮.૩૦ થી ૧૦.૦૦ દરમિયાન સત્સંગ, ભજન, કિર્તન અને ધ્યાનનો વિશિષ્ટ જાહેર કાર્યક્રમ બીજો માળ, મેઘમલ્હાર કોમ્પ્લેક્ષ, સે-૧૧ ખાતે યોજવામાં આવેલ છે. સેવા અર્થે કપડા અને ખાદ્યપદાર્થ ગાંધીનગરના જરૂરિયાતમંદોને વહેંચવામાં આવશે.

પરમ પૂજય શ્રી શ્રી રવિશંકરજી પ્રેરિત આર્ટ ઓફ લીવીંગ સંસ્થાના ગાંધીનગર એકમ દ્વારા હેપીનેસ પ્રોગ્રામનું આયોજન ૧૮ વર્ષથી મોટી ઉંમરના લોકો માટે તા. ૧૫-૫-૧૭થી ૨૦-૫-૧૭ સાંજે ૪ થી ૭ કલાક દરમિયાન કુડાસણ ખાતે અને ૧૮-૫-૧૭થી ૨૧-૫-૧૭ સવારે ૬ થી ૯ કલાક દરમિયાન સે-૧૧ ખાતે કરેલ છે. આ શિબિરમાં સ્વસ્થ શરીર, માનસિક શાંતિ અને આધ્યાત્મિક ઉન્નતિ માટે સુદર્શન ક્રિયા, પ્રાણાયામ, યોગાસન, સરળ ધ્યાન, સારી ખરાબ આદતોની ચર્ચાઓ, શ્વાસોશ્વાસની ક્રિયાઓ, જવાબદારીને સમજવાની જાગૃતિ, રમતગમત જેવા પાસાઓનો સુમેળ સાધવાનો સમાવેશ કરવામાં આવેલ છે. આ શિબિર થકી આત્મવિશ્વાસ, યાદશકિત, ગ્રહણશકિત, માનસિક શાંતિ, એકાગ્રતા, તંદુરસ્તી, આંતરિક વિકાસ અને વકતૃત્વ શકિત ખીલે છે. આ શિબિરનો મુખ્ય હેતુ આજના લોકોમાં મુખ્યત્વે રહેલ તનાવ તથા અન્ય નકારાત્મક લાગણીઓ જેવી કે ગુસ્સો, ડર, ઈર્ષા, શરમ, નિરાશા, અણગમો, જીદ્દીપણા વગેરેથી મુકત થઈ દરેક વ્યકિત વિશ્વ સ્તરે આગળ વધી શકે અને તણાવ રહિત વ્યકિત થકી હિંસામુકત સમાજ બને તે છે.

## જલારામ સેવા સમાજ દ્વારા બાળકો અને યુવાનો માટે શિબિર

### આગામી ૧૫મીથી ૨૦મી દરમિયાન ચેસ, ડાન્સ અને રાયફલ શુટીંગ શીખવાડાશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરની જાણીતી સંસ્થાઓ શ્રી જલારામ સેવા સમાજ, લોહાણા યુવા સંગઠન તથા પ્રતિભા એકેડેમી તરફથી શ્રી જલારામ મંદિર, સેક્ટર-૨૯ ખાતે આગામી તા. ૧૫-૦૫-૨૦૧૭થી તા. ૨૦-૦૫-૨૦૧૭ દરમ્યાન બાળકો અને યુવાનો માટે શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. આ શિબિરમાં વિવિધ ક્ષેત્રોના તજજ્ઞ દ્વારા ચેસ, ડાન્સ, રાયફલ શીખવાડવામાં આવશે. શિબિરનો સમય સવારે ૮.૦૦ થી ૯.૦૦ રહેશે. શિબિરમાં ઉપસ્થિત તમામ બાળકોને સર્ટીફીકેટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવશે.

આ શિબિરમાં ૫ વર્ષથી વધુ ઉંમરના બાળકો, યુવાનો ભાગ લઈ શકશે. રાયફલ શુટીંગ માટે ઓછામાં ઓછી વય મર્યાદા ૧૦ વર્ષની રહેશે. વહેલા તે પહેલાના ધોરણે મર્યાદિત સંખ્યામાં શિબિરાર્થી લેવાના હોવાથી શિબિરમાં જોડાવા ઈચ્છુક બાળકો, યુવાનોએ પોતાના નામ સત્વરે નોંધાવી દેવા. નામ નોંધાવવા માટે જલારામ મંદિર - ફોન : ૨૩૨૨૩૬૧૪, નિલેષ પુજારા - ૯૮૨૪૨૬૦૨૮૬, પાર્થ ઠક્કર - ૯૮૨૫૬૦૮૭૪૪, સચિન ઠક્કર - ૯૭૨૩૨૩૫૬૭૮, ભાવેશ ઉદેચા - ૯૪૨૮૦૪૯૫૮૧, પ્રિયંક ઠક્કર - ૯૪૨૯૬૧૯૫૨૧ને નોંધાવી દેવા.

## 'ડાક અદાલત' માટે રચનાત્મક સુચનો

ગાંધીનગર, તા.૧૦

ટુંક સમયમાં ડાક અદાલત ગાંધીનગર હેડ પોસ્ટ ઓફિસમાં યોજાનાર છે. જે માટે અગાઉના શહેરના સીનીયર સીટીઝન અને જાગૃત નાગરિક અને હર્ષદકુમાર ગાંધીએ રચનાત્મક સુચનો પોસ્ટ વિભાગને કરેલ છે.

ગાંધીનગરમાં રાજયની સૌથી વધુ ગરમી નોંધાઈ છે ત્યારે ડાક અદાલતનો સમય સાંજનો રાખવા માગણી કરેલ છે. જેથી નાગરિકો મોટા પ્રમાણમાં ભાગ લઈ શકે. જો ૧૧ વાગે ડાક અદાલત યોજાય તો રજુઆતો ઓછી આવશે. ડાક અદાલત શહેરના ધારાસભ્ય, મેયર, કલેકટર, સરકારના ઉચ્ચ અધિકારીઓના અધ્યક્ષસ્થાને યોજવા સુચન કરેલ છે. પોસ્ટ સમયસર મળે તે બાબતે સચોટ રજુઆત કરેલ છે. ટપાલ આઠ દશ દિવસે મળે છે. કેટલીકવાર ટપાલ આવ્યાની જાણકારી થતી નથી. જુના સચિવાલયમાં તાર કચેરીના સ્થળે કચેરી શરુ કરવા માંગણી કરેલ છે. પોસ્ટના એટીએમની સંખ્યા વધારવાની જરુર છે. સિનિયર સીટીઝનના મંથલી વ્યાજની રકમ મેળવવાના કાઉન્ટરો વધારવા રજુઆત કરેલ છે. ચાલુ પોસ્ટ ઓફિસમાં રહેલી ક્ષતિઓ દુર કરવા પણ રજુઆતમાં જણાવવામાં આવ્યું છે.

## દિવ્ય જીવન સંઘ અને ગાયત્રી પરિવાર દ્વારા બહેનો માટે નિ:શુલ્ક યોગાસન શિબિર

ગાંધીનગર, તા.૧૧

દિવ્ય જીવન સંઘ અને ગાયત્રી પરિવાર ગાંધીનગરના સંયુકત ઉપક્રમે બહેનો માટેની નિ:શુલ્ક શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૧૫મી મે થી તા. ૨૭મી મે સુધી સાંજે સવા પાંચથી સાડા છ વાગ્યા સુધી ગાયત્રી મંદિર સે-૧માં શિબિર યોજાશે. શિબિરનું સંચાલન શોભાબેન શાહ કરશે.

# મુનલાઈટ કાર્યક્રમનો મેળો ખાણી-પીણીવાળાઓને ફાવ્યો

## ગાંધીનગર ઉપરાંત અમદાવાદ સહિત અનેક વિસ્તારોમાંથી ઉમટેલા પરિવારોના કારણે મેળાનો માહોલ : ગ્રહ દર્શન અપેક્ષા કરતા ઉણું ઉતર્યું હોવાનો કચવાટ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે આયોજિત ત્રિદિવસીય મુન લાઈટ કાર્યક્રમે ભારે ઉત્કંઠા જગાવી હતી અને કાર્યક્રમ અગાઉ એવું જણાતું હતું કે આ કાર્યક્રમ આગામી ભવિષ્યમાં પાટનગરની ઓળખ બની જશે પરંતુ નગરજનોની અપેક્ષા કરતા આ કાર્યક્રમ ગાજયા મેઘ વરસ્યા નહી જેવો બની રહ્યો હતો. જો કે વેકેશનનો સમયગાળો હોવાથી કાર્યક્રમને સારો પ્રતિસાદ મળ્યો હતો અને મોટી સંખ્યામાં ગાંધીનગર, અમદાવાદ તથા આસપાસના વિસ્તારમાંથી પરીવાર સાથે નાગરિકો કાર્યક્રમ માણવા ઉમટી પડયા હતા જેના કારણે સેન્ટ્રલ વિસ્ટા વિસ્તારમાં મેળાનો માહોલ સર્જાયો હતો. જેના પ્રતાપે લારી-ખુમચા સહિત ખાણીપીણીના વેપારીઓને તડાકો પડી જવા પામ્યો હતો.



મુનલાઈટ કાર્યક્રમ અંગે સોશિયલ મિડિયા થકી ભારે ઉત્તેજના સર્જાઈ હતી પરંતુ સેન્ટ્રલ વિસ્ટા ખાતે આ કાર્યક્રમને માણવા જેટલા નાગરિકો એકત્ર થયા હતા તેના પ્રમાણમાં ઓછા ટેલિસ્કોપની વ્યવસ્થા હોવાથી ગ્રહ દર્શન માટે લાંબી લચ્ચક કતારો લાગી હતી. લાંબો સમય કતારમાં ઉભા રહ્યા બાદ માત્ર અડધી મિનિટ માટે ગ્રહ દર્શન કરવા દેવાથી નાગરિકોના મનમાં કચવાટ પેદા થતો જોવા મળી રહ્યો હતો. વળી કાર્યક્રમ સ્થળે સંગીત માણવા આુવેલા નગરજનોને પણ કોઈ પ્રસિધ્ધ ઓરકેસ્ટ્રા કે સિધ્ધહસ્ત કલાકારો ના હોવાથી સંગીતમય કાર્યક્રમમાં પણ રૂચિ ઓછી જોવા મળી હતી. એકંદરે સમગ્ર આયોજન તેની જાહેરાત દ્વારા પેદા થયેલ અપેક્ષાના પ્રમાણમાં સંતોષકારક હોવાનું પ્રતિત થતું નહોતું. આમ છતાં વેકેશનનો સમય અને સેન્ટ્રલ વિસ્ટા જેવા સ્થળને કારણે નાગરિકોની પરિવાર સહિત સંખ્યા મોટા પ્રમાણમાં જોવા મળી હતી.

ગાંધીનગર, અમદાવાદ ઉપરાંત આસપાસના વિસ્તારોમાંથી ઉમટેલા પરિવારોને કારણે સમગ્ર સેન્ટ્રલ વિસ્ટા વિસ્તારમાં મેળાનો માહોલ છવાયો હતો. આ કારણે આ વિસ્તારમાં બરફગોળા, આઈસ્ક્રીમ, શેરડીનો રસ, નાસ્તાની લારીઓ વગેરેને બખ્ખાં પડી જવા પામ્યા હતા. આ ઉપરાંત ઘ-૫ ચોપાટી સહિતના સમગ્ર વિસ્તારની રેસ્ટોરન્ટમાં પણ સારી એવી ભીડ જોવા મળી હતી. અકંદરે મુનલાઈટ કાર્યક્રમ પરિવાર સાથે પિકનીક જેવો બની જતા ખાણીપીણીના વેપારીઓને ફાયદાકારક નિવડયો હતો.

## બ્રહ્માકુમારીઝ, ઉર્જાનગર-૧ ખાતે સંસ્થાના આંતરરાષ્ટ્રિય વકતા રાજયોગિની બ્ર.કુ.ઉષાબેનનું "સ્ટ્રેસ મેનેજમેન્ટ એન્ડ રિલેક્સેશન ટેકનિક" વિષય પર વ્યાખ્યાન

ગાંધીનગર, તા.૧૧

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, ઉર્જાનગર-૧ દ્વારા વર્તમાન સમયે આબાલવૃધ્ધ સૌને જરૂરી એવા "સ્ટ્રેસ મેનેજમેન્ટ એન્ડ રિલેક્સેશન ટેકનિક" વિષય પર ૧૫ મે, સોમવારે, સવારે ૬.૩૦ વાગે બ્રહ્માકુમારીઝ, બાબાભવન, પ્લોટ નં.૮૫-૮૬, ઉર્જાનગર-૧, સીટી પલ્સ સિનેમા પાસે, રાંદેસણ, ગાંધીનગર ખાતે સંસ્થાના રાજયોગ પ્રશિક્ષિકા અને આંતરરાષ્ટ્રિય વકતા રાજયોગિની બ્ર.કુ.ઉષાબેન, માઉન્ટ આબુના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ છે. ઉષાદીદી વિષયને પુરેપુરો સ્પષ્ટ કરી ઉદાહરણ અને દાખલા સાથે સૌને ગળે ઉતરી જાય તેવી વ્યવહારુ શૈલીમાં ખુબ જ સરસ રીતે સમજ આપે છે. સૌને આ વ્યાખ્યાનમાં અચુક પધારવા બ્રહ્માકુમારીઝ ઉર્જાનગર-૧ સેવાકેન્દ્ર સંચાલિકા બી.કે.રંજનબેને હાર્દિક ઈશ્વરીય નિમંત્રણ પાઠવેલ છે.

## આઈ લવ માય ગાંધીનગર



**કરણ રાજવીર**
**એક્ટર**

**ગાંધીનગર ગમે**

સુંદરતા, હરિયાળી અને મોકળાશને કારણે ગાંધીનગર શહેર ખૂબ ગમે છે.

**નગરજનો**

રાજયભરની વિવિધ બોલી, સંસ્કૃતિ ધરાવતી પ્રજા અહીં એક નગરમાં આવીને વસી છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે. ગ્રો ફાઉન્ડેશન, ઈન્ડિયન રેડક્રૉસ, જી ઈ ક્લબ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન કાઉન્સિલ જેવી સંસ્થાઓની પ્રવૃત્તિઓથી હું પ્રભાવિત છું.

**નગરને બહેતર બનાવવા**

સ્વચ્છતા અને સમાજસેવા જેવાં ક્ષેત્રોમાં યુવાનોની સક્રિય ભાગીદારી વધે તેવા પ્રયાસો કરવા જરૂરી લાગે છે.

**નગર માટે હું કરી શકું**

કલા, સેવાના ક્ષેત્ર માટે મારું સંપૂર્ણ યોગદાન આપવા માટે હું તૈયાર છું.

## સર્જકની કેફિયતમાં નેહલ ગઢવીનું વકતવ્ય યોજાશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા મા ગુર્જરીના પનોતા ગુજરાતી સાહિત્યને હરદમ મહેંકતું-મઘમઘતું અને ધબકતું રાખવા અવારનવાર યોજવામાં આવતા સાહિત્યિક કાર્યક્રમો પૈકીના 'સર્જકની કેફિયત' કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર સમાચાર, પાટનગર પ્રકાશ અને ચારણ સંસ્કૃતિના કટારલેખિકા નેહલ ગઢવીનું સાહિત્યિક વકતવ્ય, પ્રમુખ ભરત કવિના અધ્યક્ષપદે તા. ૧૪-૫-૨૦૧૭ને રવિવારના રોજ સાંજના ૫ કલાકે નમન એપાર્ટમેન્ટ, સે-૨૧, ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે. વિશેષમાં તે સમયે ગાંધીનગર સાહિત્યસભાના સૂત્રધારોની સને ૨૦૧૭-૧૮થી ૨૦૧૯-૨૦ના ત્રણ વર્ષ માટે વરણી કરવામાં આવનાર હોઈ આ સાહિત્યિક મહેફિલને માણવા અને વરણી કાર્યક્રમમાં ભાગ લેવા પધારવા ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યો તથા નગરના મહાનુભાવો, સાહિત્યકારો, સાહિત્ય રસિકો-ભાવકો-ઈચ્છુકોને મંત્રી મૂળજીભાઈ પરમાર 'દધિ'નું ભાવભર્યું જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ડભોડા સેવા સહકારી મંડળીના કલાર્ક સામે પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીક ડભોડા ગામમાં સ્થિત ડભોડા સેવા સહકારી મંડળીના ચેરમેનો મંડળીના કલાર્ક સામે પોલિસ ફરિયાદ નોંધાવી છે. એક વર્ષ દરમિયાન મંડળીમાં જમા કરેલા રૂપિયા કલાર્કે પોતાના પર્સનલ ઉપયોગમાં લઈ મંડળીનાં રૂ. ૧૬ લાખ ચાઉં કરી લીધા હોવાની આ ફરિયાદ ડભોડા પોલીસે લઈ બિલ કલાર્ક સામે ગુનો દાખલ કરી પીએસઆઈ ડી.બી. વાળાએ તેની ધરપકડ કરી લઈ ઉંડી તપાસ શરુ કરી છે.

ડભોડા સેવા સહકારી મંડળીના ચેરમેન દિનેશભાઈ નાનુભાઈ પટેલે ડભોડા પોલિસ સ્ટેશનમાં મંડળીના બિલ કલાર્ક યતિન ડાહ્યાભાઈ દરજી સામે ફરિયાદ આપી છે. બિલ કલાર્ક યતિન દરજીએ એક વર્ષ દરમિયાન મંડળીમાં જમા થયેલા રૂપિયા ચાઉં કરી લીધા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. મંડળીનું ગોડાઉન કલાર્કના તાબા હેઠળ હતું. રાસાયણિક ખાતર સહિતની ચીજવસ્તુઓના એક વર્ષના વેચાણ પેટે આવેલા રૂ. ૧૬,૦૪,૫૪૫ મંડળીના ખાતામાં કલાર્કે જમા કરાવ્યા નહતા અને પોતાના પર્સનલ ઉપયોગમાં લઈ લીધા હતા. શંકાને આધારે ચેરમેને ઓડીટ કરાવતા સમગ્ર મામલો બહાર આવ્યો હતો. ઓડીટ રીપોર્ટના આધારે ચેરમેન દિનેશભાઈ પટેલે ફરિયાદ આપતા ડભોડા પીએસઆઈ ડી.બી. વાળાએ કલાર્ક સામે આઈપીસી ૪૦૮ મુજબ ગુનો દાખલ કરી ગુનામાં તેની ધરપકડ કરી લઈ ઉંડી પુછપરછ શરુ કરી છે.

# બાળસુરક્ષા અંગે યુનિસેફનો તાલીમ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૧

રાજય સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા કાર્યરત ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેકશન સોસાયટી તથા યુનિસેફ ગુજરાતના સંયુકત ઉપક્રમે તા. ૬ઠ્ઠી મે થી તા. ૧૧મી મે દરમિયાન એક તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાના બાળ સુરક્ષા એકમના કર્મચારીઓ-અધિકારીઓ તથા સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓને ચાઈલ્ડ પ્રોટેકશન સોસાયટીની રચના દ્વારા બાળ સુરક્ષામાં કોમ્યુનિટી મોબીલાઈઝેશન તથા અન્ય કામગીરી અંગે માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું.

કુલ ૬ દિવસના તાલીમ કાર્યક્રમ અંતર્ગત પહેલા ૨ દિવસ સે-૯માં પોલિસ ભવન પાછળ આવેલી આઈબીએસ ખાતે તથા બાકીના ૪ દિવસ રાયસણમાં જીઆઈડીએમ ખાતે તાલીમ યોજવામાં આવી હતી. આ તાલીમ કાર્યક્રમમાં અમદાવાદની ઉન્નતિ સંસ્થાના બિનોય આચાર્ય તથા મુંબઈની વિધાયક ભારતી સંસ્થાના સંતોષ શિંદે દ્વારા તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૧૦ જિલ્લાની સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ તથા ગાંધીનગર જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય સ્તરે બાળ સુરક્ષા અંગે કાર્યરત કર્મચારીઓ અધિકારીઓ જોડાયા હતા. કાર્યક્રમમાં દરેક તાલીમાર્થીને કોમ્યુનિટી મોબીલાઈઝેશન અને બાળ સુરક્ષા સમિતિની રચના અને ભૂમિકા અંગે માહિતગાર કરાયા હતા. કાર્યક્રમમાં તાલીમાર્થીઓ વિવિધ પ્રવૃત્તિ થકી સહભાગી બન્યા હતા. બાળ સુરક્ષા તાલીમ કાર્યક્રમમાં ચાઈલ્ડ પ્રોટેકશન સોસાયટીના મુખ્ય કારોબારી અધિકારી તથા સમાજ સુરક્ષા વિભાગના નિયામક પી.બી. ઠાકર, નહેરુ યુવા કેન્દ્રના યુથ કોઓર્ડિનેટર આર.બી. સુથાર ઉપસ્થિત રહ્યા હતાં.



## ચિરવિદાય

- સ્વ. સોમીબેન રામશંકર વ્યાસ, ઉ.વ. ૯૪
- સ્વ. જીવાબા ઈશ્વરજી વાઘેલા, ઉ.વ. ૮૧
- સ્વ. દીવાબેન વિહાજી ઠાકોર, ઉ.વ. ૫૫
- સ્વ. રાજેન્દ્રસિંહ ભવાનસિંહ રાણા, ઉ.વ. ૪૫
- સ્વ. વસંતલાલ નાનજીભાઈ સિંઘલ, ઉ.વ. ૭૩